**મહેરબાન બારડોલીના એડીશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**રેગ્યુલર દીવાની મુકદમા નંબર : ૦૯/૨૦૨૧.**

**–:: આંક : ૧૭ ની અરજી હેઠળ હુકમ ::–**

(૧) આ કામનાં પ્રતિવાદીઓએ હાલની અરજી રજુ કરી જણાવેલ છે કે, આ કામનાં વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવા તથા મનાઈ અરજીમાં જણાવેલ હકીકતે તદન ખોટી હકીકતવાળો દાવો દાખલ કરેલ છે. પ્રતિવાદીએ વાદીની દાવા તથા મનાઈ અરજી વિરૂધ્ધ સાચી હકીકતવાળો લેખિત જવાબ રજુ કરેલ છે. વધુમાં પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, વાદીએ દાવાવાળી જમીન સંબંધે પ્રતિવાદીની માલિકીની તેમજ અન્ય માલિકોની જમીનમાંથી ખેતીમાંથી રસ્તાના અવરજવર માટેનાં અને બીજા કહેવાતા હકોની માંગણી કરેલ છે. વાદીની માંગણી અને દાવો તદન ખોટા છે. દાવાવાળી જમીને એ ખેતીની જમીન તરીકે ચાલી આવેલ છે. પ્રતિવાદીની માલિકીની બ્લોક નં.૧૦૮૫ થી નોંધાયેલ જમીનમાં પ્રતિવાદી ઉપરાંત બીજા સહમાલિકોનાં નામ પણ ચાલી આવેલ છે અને તેઓની જમીન પણ ખેતીની જમીન છે. વાદી જે હકોની માંગણી કરી છે તેવા હકો વાદીને મળવાપાત્ર નથી. તે ઉપરાંત વાદીનાં કહેવાતા હકકો અંગે સિવિલ કોર્ટને દાવો ચલાવવા હકુમત નથી. દાવાવાળી જમીનો એ ખેતીની જમીન છે અને તેથી મામલતદાર કોર્ટ એકટની જોગવાઈઓ હાલના દાવાને લાગુ પડે છે અને મામલતદાર કોર્ટ એકટની જોગવાઈ મુજબ ખેતીની જમીનમાના હકો અંગે મામલતદાર કોર્ટને હકુમત છે અને સિવિલ કોર્ટમાં દાવો મેઈન્ટેનેબલ નથી. જેથી વાદીનો દાવો સિવિલ કોર્ટમાં ચાલી શકે તેમ નથી અને દાવો સાંભળવા અને હુકમ કરવા નામદાર કોર્ટને સત્તા કે હકુમત નથી, જેથી સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી)ની જોગવાઈ મુજબ વાદીનો દાવો રદ કરવા હાલની અરજી આપેલ છે તેમ જણાવી વાદીની દાવા અરજી અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં મામલતદાર કોર્ટ એકટની જોગવાઈ મુજબ વાદીનો દાવો સાંભળવા કે તેની ઉપર હુકમ કરવા નામદાર કોર્ટને સત્તા કે હકુમત ન હોય, સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) ની જોગવાઈ મુજબ વાદીનો દાવો રદ કરવા હુકમ કરવા તથા અરજીનો ખર્ચ વાદી પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) વાદી તરફે આંક–૨૧ થી પ્રતિવાદીઓની આંક–૧૭ ની અરજી વિરૂધ્ધ લેખિત જવાબ રજુ

કરી જણાવેલ છે કે, પ્રતિવાદીની અરજી કાયદેસર નથી અને કાયદા અન્વયે ચાલી શકે તેમ નથી. પ્રતિવાદીની મુખ્ય તકરાર એવી છે કે, આ ખેતી વિષયક જમીન હોય રસ્તાનો હકક મામલતદાર કોર્ટ એકટ અન્વયે માંગવો જોઇએ આવી તકરાર પણ પ્રતિવાદીએ જાણીબુઝીને કોર્ટને ગેરમાર્ગે દોરવાનાં હેતુથી આપી છે. મામલતદાર કોર્ટ એકટ સીવીલ કોર્ટ નથી અને મામલતદાર કોર્ટ એકટ અન્વયે જે રસ્તાનાં હકકો માંગે છે તે કસ્ટમરી વે એટલે કે વ્યવહારીક રસ્તાને લાગુ પડે છે જયારે વાદીનો દાવો વાદીની મિલકતમાં પ્રતિવાદીની મિલકતમાંથી આવવા જવાનો રસ્તાનો હકક એ સુખાકારી હકકથી પ્રાપ્ત થયેલ છે એટલે ઈઝમેન્ટ રાઈટ મુજબ માંગણી કરી છે અને તે સુખાકારી હકકનો નિર્ણય કરવાનો અધિકાર મામલતદારને નથી. સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ અન્વયેનો નિર્ણય વખતે વાદીનો દાવામાં જણાવેલ હકીકતો જોવાની છે અને આ તબકકે તે હકીકત સાચી છે તે માની લેવાનો હોય છે. મામલતદાર કોર્ટ એકટ નીચે કયાંય પણ સુખાકારી હકકથી પ્રાપ્ત થયેલા રસ્તાને હકકને નિર્ણય કરવા મામલતદાર કોર્ટ એકટ અન્વયે તેઓને સત્તા છે તેવું કયાંય પણ જણાવેલ નથી. એટલુ જ નહિં પરંતુ રસ્તાનાં હકક બાબતે માત્ર કેસ ચલાવવાની સત્તા છે અને સિવિલ કોર્ટને હકુમત નથી તેવી કોઈ જોગવાઈ આખા મામલતદાર કોર્ટ એકટમાં નથી. ઉલટ મામલતદાર કોર્ટ એકટની કલમ–૨૨ અને ૨૩ ધ્યાને લેતાં મામલતદારનો હુકમ એ સિવિલ કોર્ટનાં ચુકાદાને આધિન જ છે. આ સંજોગોમાં પણ પ્રતિવાદીએ આવી બીન પાયેદાર અરજી આપેલ છે. પ્રતિવાદીની અરજીમાં તેમના સહ માલિકીનાં નામો તેમની જમીનમાં દાખલ થયા છે તેવી તકરાર લીધી છે પરંતુ ઈઝમેન્ટ એકટની કલમ–૩૫ અન્વયે જે ઈસમ રસ્તાનાં હકકમાં અંતરાય કરતા હોય તેની વિરૂધ્ધ મનાઈ માંગવાની છે અને દાવો કરવાનો હોય છે. વાદીએ દાવામાં સ્પષ્ટ જણાવેલ છે કે, આ કામનાં પ્રતિવાદીઓ જ પ્રતિવાદીની મિલકતનો તેમનાં કુટુંબી તરફથી વહીવટ કરે છે અને તેઓએ વાદીનાં હકકમાં અંતરાય કરેલ હોય તેથી તેને પક્ષકાર તરીકે જોડી દાવો કરેલ છે તેવુ સ્પષ્ટ વિધાન દાવામાં અરજીમાં કરેલ છે. ઉપરની તમામ હકીકતમાં પ્રતિવાદીએ હાલની અરજી અશુધ્ધ ઈરાદે જાણીબુઝીને આ કામમાં ગુંચવાડો ઉભો કરવાના આશયથી બીનપાયેદાર અરજી આપી છે અને તે સંજોગોમાં પ્રતિવાદીની હાલની અરજી વિશેષ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામમાં વાદી તરફે આંક– ૨૩ થી તથા પ્રતિવાદી તર્ફે આંક–૨૭ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.વાદી તર્ફે તેઓના વિ.વકીલ શ્રી

એમ.આર.શાહ તથા પ્રતિવાદી તરફે તેઓના વિ.વકીલ શ્રી જે.એ.મન્સુરીની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૩.૧) વાદી તર્ફે તેઓના વિ.વકીલશ્રી એમ.આર.શાહે આંક–૨૩ની લેખિત દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામનાં પ્રતિવાદીએ મામલતદાર કોર્ટ હેઠળ વાદીએ અરજી કરવી જોઈએ જેથી વાદીનો દાવો ચાલી શકતો નથી તે મુજબની અરજી આપેલી છે તે હકીકત જોતાં ફકત દાવો લંબાવવાના હેતુથી પ્રતિવાદીએ હાલની આ અરજી આપી છે. મામલતદાર કોર્ટ એકટની જોગવાઈઓ જોતાં વહીવટી રસ્તામાં અંતરાય કરતા હોય તેવા સંજોગોમાં મામલતદાર કોર્ટ એકટ હેઠળ ફકત અડચણ દુર કરવા માટે દાવો કરી શકાય પરંતુ એટલા કારણોસર સિવિલ કોર્ટનાં કોઈ હકો છીનવાઈ જતા નથી અને જયારે સુખાધિકારી એટલે ઈઝમેન્ટ રાઈટ પ્રમાણે મનાઈનો દાવો હોય તો તેવા સંજોગોમાં તે દાવો ચલાવવાની સિવિલ કોર્ટને સત્તા રહેલી છે. ઓર્ડર ૭, રૂલ ૧૧ મુજબ ફકત વાદીનાં દાવા અરજી તથા તેની સાથેના દસ્તાવેજ જોવાની સત્તા હોય છે અને સદર કામે વાદીએ દાવા અરજીમાં દાવાનું કારણ રસ્તાનું વર્ણન તથા સુખાધિકારીના હકથી દાવો ચાલી આવેલો છે તેવુ સ્પષ્ટ જણાવેલુ છે અને પ્રતિવાદી મજકુરે રસ્તાના હકમાં અટકાયત કરી હોય દાવાનું કારણ ઉત્પન્ન થયેલાનું સ્પષ્ટ જણાવેલુ છે જે સંજોગોમાં પ્રતિવાદીની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં દલીલનાં અનુસંધાને ૨૦૨૧ (૧) સિવિલ કોર્ટ કેસીસ પાના નં.૪૦૮ ઉપર આધાર રાખી નામદાર અલ્હાબાદની વડી અદાલતે સ્પષ્ટપણે જણાવેલ છે કે દાવા અરજીમાં જે હકીકત જણાવેલી હોય તે સાચી હોવાના માનવાને પાત્ર છે અને ફકત દાવાનો એવરમેન્ટ જોતા પણ સુખાધિકારીને હકકને માટે દાવો હોય તે દાવો સાંભળવા નામદાર સિવિલ કોર્ટને અધિકાર રહેલ છે તેમ જણાવી પ્રતિવાદીની ઓર્ડર ૭, રૂલ–૧૧ ની અરજી ખર્ચ સહ રદ કરવા અરજ કરેલ છે.

વાદી તરફે નીચે જણાવ્યા મુજબના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**(૧) ૨૦૦૬ (૩) જી.એલ.આર. પાના નં.૨૦૩૧**
**કિર્તિસિંહ ધરમવિરસિંહ વિરૂધ્ધ કાલુભાઈ શરદુલભાઈ અને બીજાઓ.**

**(૨) ૨૦૨૧(૧) સીવીલ કોર્ટ કેસીસ પાના નં.–૪૦૮**
**મીસ. નલીનીસિંહ વિરૂધ્ધ લેફ્ટ કર્નલ રાજેશકુમારસિંહ**

વાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં ઉપર મુજબના ચુકાદા રજૂ કરવામાં આવેલ છે, જે માનપૂર્વક વંચાણે લેવામાં આવેલા છે.

(૩.૨) પ્રતિવાદી તર્ફે તેઓના વિ.વકીલશ્રી જે.એ.મન્સુરીએ આંક–૨૭ની લેખિત દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીએ દાવામાં દર્શાવેલી જમીનમાંથી રસ્તાના અવરજવર માટેના અને બીજા હકોની દાવામાં માંગણી કરેલી છે અને વાદીએ દાવામાં જે પ્રકારની દાદ માંગી છે, તે જોતાં આ દાવો ચલાવતાં નામદાર કોર્ટને હકુમત રહેતી નથી. દાવાવાળી જમીન એ ખેતીની જમીન છે અને ખેતીની જમીનમાંથી અવરજવરનાં રસ્તા માટે દાવામાં દાદ માંગવામાં આવી છે, દાવાની હકીકતો પ્રતિવાદી કબુલ રાખતા નથી, પરંતુ વાદીની દાવાની દાદ મોજે ગામ મોતાનાં બ્લોક નં.૧૦૮૭ વાળી જમીનમાં તેમના આવવા જવા માટેના હક સંબંધેની દાદ માંગવામાં આવેલ છે અને જયારે ખેતીની જમીનમાં અવરજવરના હકોની માંગણી કરવામાં આવતી હોય છે, ત્યારે સિવિલ કોર્ટને દાવો ચલાવવાની હકુમત રહેતી નથી, કારણ કે ખેતીની જમીનમાં અવરજવરના હકો માટે મામલતદાર કોર્ટ એકટની જોગવાઈઓ ધ્યાને લેવાની રહે છે અને મામલતદાર કોર્ટ એકટની જોગવાઈઓ ખેતીની જમીનને લાગુ પડે છે, મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ જોવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે, કોઈપણ વ્યકિતનાં ખેતીની જમીન ઉપરનાં કોઈ ઉપયોગ હકક અંગનો હકક દાવો હોય તો તે માટે મામલતદાર કોર્ટ એકટની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. મામલતદાર કોર્ટ એકટ હેઠળ જે કાર્યવાહી થાય છે તે કાર્યવાહીમાં મામલતદાર સાહેબને જુબાની લેવાની, પુરાવા લેવાની સત્તા આપવામાં આવી છે. વધુમાં સદરહુ કાયદાની કલમ–૫ મુજબ મામલતદાર સાહેબને એમ લાગે કે દિવાની કોર્ટ તેમની સમક્ષનાં દાવાનો ઈન્સાફ યોગ્ય રીતે કરી શકે તો તેઓ સ્વવિવેકાઅનુસાર તેમની સત્તા વાપરવાની ના પાડી શકશે. ઉપરોકત સંજોગોમાં સૌપ્રથમ મામલતદાર કોર્ટમાં જ કાર્યવાહી કરવાની રહે છે અને મામલતદાર સાહેબ જો તેમને યોગ્ય ન જણાય તો તે અંગેનાં કારણો નોંધીને સિવિલ કોર્ટમાં દાવો કરવા માટે જણાવી શકે છે. ઉપરનાં સંજોગોમાં મામલતદાર સાહેબને ખેતીની જમીન અંગેના અવરજવરના હકો નકકી કરવા સત્તા છે અને તેથી સિવિલ કોર્ટને આ દાવો ચલાવવા માટે હકુમત રહેતી નથી. વાદીએ સુખાધિકારનાં એટલે કે ઈઝમેન્ટનાં હક માટેનો દાવો કરેલ હોવાની હકીકત ખોટી છે. વાદીની દાવાની દાદ જોવામાં આવે તો વાદીએ તેમનો સુખાધિકારનો હક ચાલી આવેલ છે, તેવી કોઈ દાદ માંગેલ નથી, જે સંજોગોમાં વાદીનો દાવો સિવિલ કોર્ટમાં મેઈન્ટેનેબલ નથી

અને તેથી પ્રતિવાદીની અરજી મંજુર કરવાની જરૂર છે અને વાદીનો દાવો ચલાવવા કોર્ટને હુકમત ન હોય, સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) ની જોગવાઈ મુજબ રદ કરવાની જરૂર છે.

પ્રતિવાદી તરફે નીચે જણાવ્યા મુજબના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે.

**(૧) ૨૦૧૪ (૦) જી.એલ.એચ.ઈ.એલ. – એચ.સી. ૨૩૦૭૧૪ લક્ષ્મણભાઈ ઉકાભાઈ પરમાર વિરૂધ્ધ કરમસીભાઈ લાલાભાઈ પરમાર**

**(૨) ૨૦૦૬ (૦) જી.એલ.એચ.ઈ.એલ. – એચ.સી. ૨૧૭૦૫૪**

પ્રતિવાદી તરફે તેઓની દલીલના સમર્થનમાં ઉપર મુજબના ચુકાદા રજૂ કરવામાં આવેલ છે, જે માનપૂર્વક વંચાણે લેવામાં આવેલા છે.

(૪) ઉપરોકત તમામ હકીકતો તથા બંને પક્ષકારોની દલીલ ધ્યાને લેતાં પ્રતિવાદીઓ તરફે સી.પી.સી.ઓર્ડર –૭, રૂલ–૧૧(ડી) અન્વયે વાદીની દાવા અરજ નામંજુર કરવા હાલની અરજી કરેલ છે. સદર કામમાં વાદીએ દાવાવાળી મિલકત (મોજે મોતા, તા.બારડોલીનાં બ્લોક નં.૧૦૮૭)માં તેઓનો આવવા જવાનો રસ્તાનો હકક ચાલી આવેલ છે જે રસ્તો વાપર ઉપભોગ કરવાનો વાદીને હકક છે તેવુ ઠરાવી આપી તે રસ્તે વાદીને તેમના ખેતી ઉપયોગી વાહનો, ટ્રક, ટ્રોલી, બળદ વાહનો લઈ જવા લાવવા તથા ખેતી કામ કરતા માણસોને આવતા જતા પ્રતિવાદીઓ હસ્તે કે પરહસ્તે દખલ કરે કરાવે નહિં તેવો કાયમી મનાઈ હુકમ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા દાદ માંગેલ છે.

પ્રતિવાદીઓની સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) અન્વયેની અરજીનો નિકાલ કરતા પહેલા આ અંગેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

**સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની કાયદાકીય જોગવાઈઃ–**

સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ દાવા અરજી નામંજુર કરવી.**

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈશેઃ–

(એ) તેમાં દાવાનું કારણ જણાવવામાં આવ્યુ ન હોય.

(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનું કહયા છતાં વાદી તેમ ન કરે,

(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં જોઈતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનું કહયા છતાં વાદી તેમ ન કરે,

(ડી) દાવા અરજીમાં લખેલા મજુકર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે,

(ઈ) બે નકલમાં ફાઈલ કરી ન હોય ત્યારે,

આમ, સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ માં જણાવેલ ઉપરોકત જોગવાઈમાં વાદીનો દાવો પડતો હોય તો વાદીની દાવા અરજી સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ નામંજુર કરી શકાય. સદર કામમાં વાદીએ દાવાવાળી મિલકત (મોજે મોતા, તા.બારડોલીનાં બ્લોક નં.૧૦૮૭)માં તેઓનો આવવા જવાનો રસ્તાનો હકક ચાલી આવેલ છે જે રસ્તો વાપર ઉપભોગ કરવાનો વાદીને હકક છે તેવુ ઠરાવી આપી તે રસ્તે વાદીને તેમના ખેતી ઉપયોગી વાહનો, ટ્રક, ટ્રોલી, બળદ વાહનો લઈ જવા લાવવા તથા ખેતી કામ કરતા માણસોને આવતા જતા પ્રતિવાદીઓ હસ્તે કે પરહસ્તે દખલ કરે કરાવે નહિં તેવો કાયમી મનાઈ હુકમ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં ફરમાવવા દાદ માંગેલ છે. વાદીએ દાવા અરજીમાં દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલાનું જણાવેલ છે. વાદીએ દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ છે. વાદીએ પુરતા કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર દાવો દાખલ કરેલ છે. મામલતદાર કોર્ટ એકટની જોગવાઈઓ જોતાં વહીવટી રસ્તામાં અંતરાય કરતા હોય તેવા સંજોગોમાં મામલતદાર કોર્ટ એકટ હેઠળ ફકત અડચણ દુર કરવા માટે દાવો કરી શકાય પરંતુ એટલા કારણોસર સિવિલ કોર્ટનાં કોઈ હકો છીનવાઈ જતા નથી અને જયારે સુખાધિકારી એટલે ઈઝમેન્ટ રાઈટ પ્રમાણે મનાઈનો દાવો હોય તો તેવા સંજોગોમાં તે દાવો ચલાવવાની સિવિલ કોર્ટને સત્તા રહેલી છે. ઓર્ડર ૭, રૂલ ૧૧ મુજબ ફકત વાદીનાં દાવા અરજી તથા તેની સાથેના દસ્તાવેજ જોવાની સત્તા હોય છે અને સદર કામે વાદીએ દાવા અરજીમાં દાવાનું કારણ રસ્તાનું વર્ણન તથા સુખાધિકારીના હકથી દાવો ચાલી આવેલો છે તેવુ સ્પષ્ટ જણાવેલુ છે અને પ્રતિવાદી મજકુરે રસ્તાના હકમાં અટકાયત કરી હોય દાવાનું કારણ ઉત્પન્ન થયેલાનું સ્પષ્ટ

જણાવેલુ છે. પ્રતિવાદીઓની આંક–૧૭ ની અરજી સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ માં દર્શાવેલ કારણોનાં પરીપ્રેક્ષ્યમાં પડતી ન હોવાથી મંજુર થવા પાત્ર ન હોય ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

પ્રતિવાદીઓની આંક–૧૭ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૨ મી**, માહે :** ઓકટોબર**, સને :** ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૨–૧૦–૨૦૨૧.
**બારડોલી.**

**( કિશોરકુમાર ગજાનન પટેલ )**
Code No. GJOO762
એડીશ્નલ સિવિલ જજ**,** બારડોલી**.**